નારીવાદ – સ્વતંત્રતા અને સ્વછંદતા

ખરાં અર્થમાં જોવામાં અને સમજવામાં આવે ને તો નારીવાદને ખૂબ ખોટી રીતે પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. એક સંઘર્ષપૂર્વક જીવન જીવવાની કળાને માત્ર (વિકટીમ) ભોગ બનનારી વ્યક્તિનો જન્મ આપવામાં આવ્યો છે. અને તેનું પરિણામ છે આજનો નારીવાદ. નારીવાદના ના,એ કેટકેટલા ફિલ્મો અને સિરિયલો બન્યા અને હજુ પણ બની રહ્યા છે. નારીની વ્યાખ્યાને જાને કે બદલી નાંખી હોય તેમ એક નારીને માત્ર હીરો બનાવવાની કે જતાવવાની હોડમાં આખી સંસ્કૃતિને સમાજના નિયમોને નેવે મૂકવામાં હવે કઈં બાકી નથી રહ્યું. તેનું જીવતું જાગતું ઉદાહરણ એટલે આજના પ્રેમ લગ્નો. પ્રેમ લગ્નો કરવા ખોટાં નથી, પ્રેમ કરવો ખોટો નથી પરંતુ પ્રેમની આડમાં થતો ખોટો વ્યવહાર આજણી નારીને સમજવાની જરૂર છે. માત્ર સમાજના નોયમોના ઉંબરા ઓળંગીને આજણી નારીઓ સ્વતંત્ર તો બની ગઈ પણ તે સ્વતંત્રતાની જવાબદારીને સ્વીકારવામાં થોડી પછી પડી. કદાચ મરી વાત કટાક્ષ લાગે પરંતુ થોડીક સમજવાની પણ જરૂર છે. સ્વતંત્રતા હવે સ્વછંદતમાં ફેરવાઇ ગઈ છે. અને તેનું "મોડર્ન વિચારો"ના લેબલ લગાડીને માત્ર આંધળા બનીને ફોલો કરવામાં કોઈ શાણપણ નથી. સ્ત્રી તરીકે મળેલું આ અસ્તિત્વ પુરુષ બનીને ગુમાવી દેવાની મૂર્ખામી છે. અને માટે જ આજનો મારો આ વિષય તે માતા-પિતા માટે જે દીકરીના માતા-પિતા છે. આજનો આ વિષય તે દીકરીઓ માટે જે પોતે સ્વતંત્રતાની પાંખો લગાડીને ઉડવા તો માંગે છે પરંતુ તેની જવાબદારીઓનું ભાન નથી. યાદ રાખવાની જરૂર છે કે સ્વતંત્રતા તેની સાથે તેની પોતાની જવાબદારીઓ પણ લાવે છે. અને માટે જ સ્વછંદ બનતા પહેલાં થોડા પ્રશ્નો નારી તરીકે સ્વને પૂછવા જરૂરી છે.

- દીકરીને સ્વતંત્ર બનાવો નહીં કે સ્વછંદ:

લગભગ ત્રીસ -ચાલીસ વર્ષો પહેલાં સ્ત્રીને ભણાવવામાં નહતી આવતી. કારણ સ્ત્રીને તો માત્ર લગ્ન, કુટુંબ અને છોકરાં જ મોટા કરવાના તે જ જવાબદારી હતી. અને સ્ત્રીનો વિકાસ અટકી ગયો. પરંતુ દાયકાઓથી આ વિચારોની તિલાંજલિ અપાઈ અને સાથે નારીને ભણવાની સ્વતંત્રતા મળી. ભણતરની ડિગ્રી તો મળી પરંતુ રે ડિગ્રીને સાચવકનું ગણતર ક્યાંક આપવાનું ભુલાઈ ગયું. અને માટે જ સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચેનું અંતર ડિગ્રીથી વધતું ગયું. વ્યક્તિની આંતરિક ગુણોની ગણતરી ઘટી પરંતુ ડિગ્રીની ગણતરી વધી, અપેક્ષાઓ વધી અને માટે જ નારી સ્વતંત્ર બની. પરંતુ સ્વતંત્રતાની સાથે સ્વછંદતા આવી ને "હું ભણેલી છું,કમાવું છું, ઇંડિપેંડેંટ છું" શા માટે આ કામવાળીના કામ કરું? કુટુંબની જવાબદારી જ્યાં સ્વાભાવિક હતી તે હવે કાંવલના કાર્યમાં ફેરવાઇ. અને દીકરીના માતા-પિતાની પણ અપેક્ષાઓ વધવા માંડી. અપેક્ષાઓ રાખવી ખોટી નથી પરંતુ શું સાચી અપેક્ષા ન રાખી શકીએ? દીકરીને વધુ ભણવા માટે પ્રેરણા આપવાની સાથે આપણો સાચો સંસ્કાર આપવાનું કેમ ભૂલી જવાય? માત્ર પૈસા કમાઈને આડંબર કયામત શિખવાડીને કેટલાં ઘરને તોડતા જોઈશું? પરંતુ સ્વતંત્ર રહીને અને ગરીને

જવાબદારીને પણ સ્વતંત્રપણે જો સ્વીકારતા શિખવાડીએ તો ક્યાંક નારીવાદ સાચા રસ્તે વાળ્યો કહેવાય. સ્ત્રીના પોતાના ખરાં અસ્તિત્વને ખોઈને બીજા અસ્તિત્વ સાથે શું જીવવાનો મતલબ ખરો?

- સાચા માનવીની પરખ:

થોડાંક સમય પહેલાં જ સોશિયલ મીડિયા ઉપર એક પોસ્ટ વાંચી હતી. દીકરીને જો જાતે પસંદગી ઉતારવાની હોય તો નોકર, વિધર્મી જેવા કોઈપણ વ્યક્તિ ઉપર પસંદગી ઉતારે. પરંતુ માતા-પિતાને શોધવાનું હોય તો બધુ જ જોઈએ ભણતર, દેખાવ, ૬ ફિગર સેલેરી વગેરે વગેરે. શ્રદ્ધા હત્યાકાંડ પછી તો આ વાતો સાચી જણાય છે. જે માતા-પિતા વીસ-પચ્ચીસ વર્ષો સુધી પ્રેમ અને લાગણીથી દીકરીને ઉછેરે છે તે જ દીકરી તેમના પ્રેમને અવગણીને એવા વ્યક્તિના પ્રેમમાં પડે છે જે તેને લાયક પણ નથી. શું આકર્ષે છે તેવી દીકરીઓને? શું માત્ર બાહ્ય દેખાવ સાથે આખું જીવન જીવી શકશો? માત્ર બાહ્ય પરિબળો સાથે કેટલું મન મનાવશો? આંતરિક પરિબળો કેમ કે નિસ્વાર્થ પ્રેમ, વિશ્વાસ અને સાચા મનથી જીવવાની કળાને ક્યારે ધ્યાનમાં લેશો? બાહ્ય પરિબળોના સપનામાં રચનારી આજની દીકરીઓને સમજવાની જરૂર છે કે માત્ર મૃગજળ સમાન આ પરિબળોને બાષ્પીભવન થતાં વાર નહીં લાગે. પરંતુ જીવનને મોક્ષ તરફ વળશે. ફિલ્મોની દેખાદેખી તો માત્ર રિલ સુધીની જ છે. પરંતુ રિયાળમાં જો આ જ રિલ ફરશે તો જીવન જ નર્ક બની જશે. સાચા વ્યક્તિની પરખ કરો. જે વ્યક્તિના કારણે મનનો ઉચાટ જતો ન હોય. ઘરના વ્યક્તિઓ સતત ચિંતા વ્યક્ત કરતાં હોય તો રોકવાની જરૂર છે. થોડાંક ઊભા રહી જાઓ. પોતાનું સર્વસ્વ સોંપતા પહેલાં વિચારો કે ક્ષણિક આનંદ કયાંક તમારો જીવનભરનો દુશ્મન ન બની જાય. સાચા વ્યક્તિઓની પરખ કરીને જે વાજતે-ગાજતે સમાજની સામે આવીને તમને સ્વીકારે તે જ ખરો પ્રેમ. પરંતુ જ્યાં ઉપાડી જવની અથવા ચોરીછૂપીથી લગ્ન કરવાની વાત છે ત્યાં થોડાંક રોકાઈ જવાની જરૂર નથી? પોતાને પ્રશ્ન કરી તમે શું અનુભવ કરો છો? અને કેવી લાગણીઓનો અનુભવ કરો છો? પછી જ તમારું આગળનું પગલું નક્કી કરો.

- સ્વતંત્રતાથી જવાબદારી તરફ વાળો નહીં કે સ્વછંદતા તરફ:

ખુલ્લેઆમ જ્યારે દીકરીઓ તોલે વાળીને સિગારેતો ફૂંકતી હોય ત્યારે હૃદય બેસી જાય. એક મિનિટ માટે વિચાર આવે કે આ તે વળી કેવી સ્વતંત્રતા? પોતાને આટલા બધા ફોરવર્ડ બતાવવાની કેમ જરૂર છે? શા માટે? કયા મોડર્ન કલ્ચરની હોડમાં આપણે લાગ્યા છીએ કે દેખાતું પણ નથી કે શું સાચું ને શું ખોટું? શા માટે આ જીવનને આમ વેડફવા માટે આ નારીઓ પુરુષ બનવા માટે આટલી તકલીફ લે છે? સ્ત્રીનો શણગાર તેની શરમ, તેની નીચી નજર છે ત્યાં તો ટોમ બોય બનીને આમ જ્યાં વળાંક લઈ રહી છે આજણી નારી? પરંતુ તે મળેલી સ્વતંત્રતાને ખરાં અર્થમાં સ્વતંત્ર રીતે જીવી હોય ને તો સમાજ માટે કઈંક કરવાની જરૂર છે, બધી જ નારીઓના સંગઠન ભેગા થઈને ફરી પાછાં આપના હિન્દુત્વને જગાડવાની જરૂર છે, ફરી પાછાં પોતાની સંસ્કૃતિ, વિધિ-વિધાનને શીખવાની જરૂર છે. રોજ મંદિર દર્શનની સાથે પોતાની આત્માને શુદ્ધ કરવાની સ્વતંત્રતાને ખરેખર અપનાવવાની જરૂર છે. મોડર્ન

કપડાથી જો સુસજ્જ થઈને કોર્પોરેટ ઓફિસોમાં કામ કરી શકીએ તો પોતાના જ ઘરને મંદિર બનાવવાની સ્વતંત્રતા પણ શીખવાની જરૂર છે. સ્ત્રીનું ખરું આભૂષણ નારીવાદ નથી પરંતુ સંસ્કૃતિ સાથે ભળીને સારા સમાજની રચના છે, અને યાદ રાખવાની જરૂર છે કે માત્ર સ્ત્રી જ સમાજને પ્રેમ શીખવાડી શકે છે. કારણ સ્ત્રી જ પ્રેમની જીવતી જાગતી વ્યાખ્યા છે,

નમસ્કાર.